


શહેરમાં હોલીકાદહન... - પાટનગરના વિવિધ સેક્ટરોમાં પણ ગ્રામીણ પરંપરાના દર્શન થયા હતા... સમગ્ર સેક્ટર એક ચોકઠામાં એકત્ર થઈ હોલીકાદહન કરી ધાણી-ખજૂરથી પૂજન-અર્ચન કરવાની પરંપરા શહેરના મોટા ભાગના સેક્ટરોમાં જોવા મળી હતી... પ્રતિવર્ષની પરંપરા અન્વયે હોલીકાદહન બાદ નિકળતી જ્વાળાઓ પરથી વર્ષનું ભવિષ્ય અનુમાનિત થતું હોય છે... આ વર્ષે ઉત્તર - પશ્ચિમ દિશામાં જતી જ્વાળાઓના પગલે ચોમાસુ ભરપૂર જવાની આગાહી કરાઈ છે... વાવાઝોડા અને આંધી-તોફાન સાથે ગત વર્ષો કરતા વરસાદ વધારે થશે સાથે સાથે એપ્રિલના અંતિમ સપ્તાહમાં ગરમી ૪૬ ડિગ્રીએ પહોંચવાની પણ હોળીના પવનથી આગાહી કરાઈ છે....

# સચિવાલયમાં રંગોનું પર્વ ઉમંગથી ઉજવાયુ

**કોરોનાકાળના બે વર્ષ સાવ નિરસ રહ્યા બાદ સરકારી કચેરીઓમાં રંગોના પર્વની રંગત જામી : કર્મચારી-અધિકારીઓએ એકબીજાને રંગ લગાવી હોળીની શુભકામનાઓ પાઠવી**

ગાંધીનગર, તા. ૧૭

કોરોનાકાળના બે વર્ષ ડરમાં વિતાવ્યા બાદ આખરે ઉત્સવોનો ઉલ્લાસ પરત આવ્યો છે. લાંબા અંતરાલ બાદ સચિવાલયમાં હોળી-ધૂળેટીના પર્વનો ઉત્સાહ જોવા મળ્યો હતો. કર્મચારી-અધિકારીઓએ એકબીજાને રંગ લગાવી હોળી-ધૂળેટીની ઉજવણી કરી હતી.

હોળી-ધૂળેટીના તહેવારો પર આ વખતે ઉલ્લાસ-ઉમંગ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. છેલ્લા બે વર્ષથી હોળી-ધૂળેટીની ઉજવણી થઈ નથી. કોરોનાના ડરના કારણે અને વિવિધ પ્રતિબંધોના કારણે હોળી-ધૂળેટીની ઉજવણી સ્થગિત થઈ ગઈ હતી. પરંતુ આ વર્ષે હોળી-ધૂળેટીની ઉજવણી ઉલ્લાસપૂર્વક થઈ રહી છે. સરકારી કચેરીઓમાં પણ હોળી-ધૂળેટીના પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી થઈ હતી. ધૂળેટીની રજા કચેરીઓમાં હોવાથી હોળીના દિવસે સાંજના સમયે ઓફિસ છુટવાના સમયે યુવા સરકારી કર્મચારી-અધિકારીઓ હોળી રમતા જોવા



મળ્યા હતા. એકબીજાને રંગ લગાવીનો અને શુભેચ્છાઓ પાઠવીનો હોળી-ધૂળેટીની ઉજવણી થઈ હતી.

આ ઉપરાંત ધાણી-ખજૂર-હાયડાની ખરીદી પણ ખુબ થઈ હતી. મીનાબજારમાં અને પોઈન્ટના બસસ્ટેન્ડે ધાણી-ખજૂર અને રંગોનું વેચાણ ખુબ થયુ હતુ. કચેરીઓમાં ધાણી-ખજૂરની ઉજાણી પણ ખુબ થઈ હતી. બે વર્ષ બાદ હોળી-ધૂળેટીના પર્વમાં કર્મચારીઓ ઉલ્લાસપૂર્વક જોડાયા હતા.

## ઈન્ફોસીટીનું દંપત્તિ કોરોનાની ઝપેટમાં

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ બે કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો હજુ છુટા છવાયા મળી રહ્યા છે. શહેરમાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને રિકવરી રેટ ૯૫ ટકાને પાર થઈ ગયાનો તંત્રએ દાવો કર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા બે કેસ પતિ-પત્નિના છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. બન્ને ઈન્ફોસીટીમાં રહે છે.

શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર લઈ રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલ બે કેસ સહિત હાલ ૧૨ જેટલા દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# શહેરની શાળા-કોલેજમાં રંગોત્સવની પારિવારિક માહોલમાં ઉજવણી

**કોર્ટ સંકુલ બહાર વકીલોએ પણ એકમેકને ગુલાલ લગાવી હોળીની શુભેચ્છા પાઠવી**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં હોળી ધુળેટીના પર્વને અનુલક્ષી વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હોળી ધુળેટીના પર્વની ઉજવણી ટાંણે આજે દિવસ દરમિયાન સેકટરોના શોપિંગ બજારમાં વિશેષ ભીડ જોવા મળી હતી જયારે બજારમાં વિવિધ રંગો અને પિચકારીની સાથે રાજસ્થાની મીઠાઈ અને ડ્રાઈફ્રુટસની પણ ખરીદી વધુ થઈ હતી. બીજીતરફ હોળીના દિવસે સવારથી જ નગરની વિવિધ પ્રિ સ્કુલો , શાળાઓ અને કેટલાક ઠેકાણે કોલેજમાં વિદ્યાર્થીઓએ રંગોત્સવની ઉજવણી કરી હતી. સફેદ વસ્ત્રોમાં સજજ ભુલકાઓએ એકમેકને રંગ લગાવી હેપ્પી હોળીની શુભેચ્છા પાઠવી હતી. કોર્ટ સંકુલ બહાર વકીલો પણ એકમેકને ગુલાલ લગાવી હોળી પર્વના વધામણાં કર્યા હતા.

ગાંધીનગરમાં હોળી ધુળેટીના પર્વનો વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રંગોત્સવના આ પર્વ અન્વયે નગરના શોપિંગ બજારમાં પણ ધમધમાટ જોવા મળી રહ્યો છે. આજે પણ દિવસ દરમિયાન હોળીના પર્વને્ અનુલક્ષી દિવસ દરમિયાન નગરના જનજીવનમાં વિશેષ ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળ્યો હતો.



શોપિંગ બજારમાં ગુલાલ અને પિચકારીની ખરીદી માટે પણ નગરજનોની વિશેષ ભીડ જોવા મળી હતી. જયારે મીઠાઈ ફરસાણની દુકાનો પણ ઘરાકીથી ઉભરાઈ હતી. રાજસ્થાની મીઠાઈ અને ડ્રાયફ્રુટસની ખરીદી પણ વધુ પ્રમાણમાં થઈ હતી. સેકટરોમાં નાના ભુલકાઓએ હોળીના દિવસે પણ રંગોત્સવની મજા માંણી હતી

આ ઉપરાંત નગરની શાળા કોલેજોમાં પણ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર રંગોત્સવની ઉજવણી કરી હતી. નગરના કડી કેમ્પસની કોલેજમાં પણ કોલજના યુવક યુવતિઓએ રંગોના પર્વની પારિવારિક માહોલમાં ઉજવણી કરી હતી. જયારે પ્રિ સ્કુલ સહીતના બાળકો પણ એકમેકને રંગ લગાવી હેપ્પી હોલીની શુભેચ્છા પાઠવતા નજરે પડયા હતા. સે- ૨ સ્થિત રંગોલી પ્રિ સ્કુલના ભુલકાઓએ પણ રંગોત્સવની ઉજવણીનો આનંદ લીધો હતો. હાથમાં પિચકારી લઈને સફેદ વસ્ત્રોમાં સજજ યુવકો અને બાળકોના ચહેરા અને કપડા પણ રંગબેરંગી જોવા મળ્યા હતા. કોલેજીયન યુવકોએ પણ સવારથી કોલેજમાં રંગોના આ પર્વને યાદગાર બનાવ્યુ હતુ. નગરની કોલેજોમાં વિદ્યાર્થીઓ રંગોત્સવની મજા માંણવાની સાથે નાસ્તા પાર્ટી પણ કરી હતી. એકબાજુ ગરમી પણ વધી છે. ત્યારે એકમેકને રંગવાની સાથે કોલેજના યુવકોએ ભીંજાવાની પણ મજા માંણી હતી. કોરોના કાળમાં લાંબા સમય બાદ હાલ સંક્રમણ નહીંવત છે. ત્યારે આમ નાગરિકો પણ છુટથી રંગોત્સવની ઉજવણી કરવા માટે ઉત્સુક છે. ત્યારે શાળા કોલેજો પણ છેલ્લા કેટલાક સમયથી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરી દેવાયુ છે. ત્યારે કોરોનાથી હાંશકારો થયા બાદ હોળીનુ પર્વ આવતા નાગરિકો હોળી પર્વના હેતે વધામણા કરી રહ્યા છે. સાંજના સમયે પણ હોળી પ્રાગટય બાદ સેકટરવાસીઓએ રંગોના આ પર્વની એકમેકને શુભેચ્છા પાઠવી હતી. કોર્ટ સંકુલ બહાર વકીલોએ પણ એકમેકને રંગ લગાવી હેપ્પી હોલીની શુભેચ્છા પાઠવી હતી.

# રાજ્યની સ્કૂલોમાં ધો. ૬ થી ૧૨ માં શ્રીમદ્ ભગવદ્ ગીતા ભણાવાશે

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત ધો. ૬ થી ૧૨ માં શ્રીમદ્ ભગવદ્ ગીતા ભણાવવાની ભલામણ કરાયા બાદ ભણાવવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.

આ અગાઉ ધો. ૧ અને ૨ માં અંગ્રેજી દાખલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી શાળા શિક્ષણમાં ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પ્રણાલિનો સમાવેશ કરવાનો રહેશે. જે પૈકી પ્રથમ તબક્કામાં રાજ્યની શાળાઓમાં ધો. ૬ થી ૧૨ માં શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સમાવિષ્ટ મૂલ્યો અને સિદ્ધાંતોનો બાળકોને સમજ અને રસ પડે તે પ્રમાણે પરિચય કરાવવામાં આવે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના પઠન-પાઠનનો પ્રાર્થના કાર્યક્રમમાં સમાવેશ કરાવામાં આવે. સરકારે એવી પણ ભલામણ કરી છે કે શ્રીમદ્ ભગવદ્ ગીતા આધારિત શ્લોકગાન, શ્લોકપૂર્તિ, વકૃત્વ, નિબંધ, નાટ્ય, ચિત્રક્વીઝ, ક્વિઝ વગેરે જેવી વિવિધ સ્પર્ધાઓ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજવામાં આવે.

# મહાત્મા મંદિરનું બે વર્ષનું ભાડુ રૂ. ૩,૧૭,૫૪,૯૬૪ વસુલવાનું બાકી છે

ગાંધીનગર, તા. ૧૭

મહાત્મા મંદિર ખાતે યોજાયેલ કાર્યક્રમોની ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ વસુલવાની બાકી રકમ રૂ. ૩,૧૭,૫૪,૯૬૪ છે. જેમાં સરકારી સંસ્થાઓ પાસેથી ૨,૪૭,૬૭,૯૧૪ રૂ. અને બિન સરકારી સરકારી સંસ્થાઓ પાસેથી રૂ. ૬૯,૮૭,૦૫૦ની વસુલાત બાકી છે.

ઉપરોક્ત વિગતો આજે રાજ્યના મુખ્યમંત્રીએ રાજ્ય વિધાનસભામાં આપી છે. ઝાલોદના ધારાસભ્ય ભાવેશભાઈ કટારાએ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે આ વસુલાત બે વર્ષ કરતાં વધુ સમયથી બાકી છે.

આ માટે પત્ર વ્યવહાર ઉપરાંત રૂબરૂ મુલાકાત લઈ વસુલાત માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હોવાનું પણ તેમણે જણાવ્યુ છે.

કપડવંજના કાળાભાઈ ડાભીએ પુછેલા એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે મહાત્મા મંદિર ખાતે ૨૦૨૦ના વર્ષમાં ૫ ખાનગી કાર્યક્રમો અને ૨૦૨૧ના વર્ષમાં ૨ ખાનગી કાર્યક્રમો તેમજ આ બે વર્ષના ગાળામાં ૨૩ સરકારી કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમો પેટે રૂ. ૯,૧૩,૬૨,૪૦૮ની તેમજ ૨૦૨૧માં રૂ. ૧,૦૭,૦૮,૬૯૩ ની રકમ ભાડા પેટે વસુલવામાં આવી છે.

૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ભારત સરકારશ્રીની જાહેર ક્ષેત્રની કંપની હિન્દુસ્તાન એરોનોટીકલ લિમિટેડ પાસેથી રૂ. ૫૦ હજારની રકમ વસુલવાની બાકી છે.

● **સંચાલન અને જાળવણીનું કામ**

કોડીનારના મોહનલાલ વાળાએ મહાત્મા મંદિરનું સંચાલન અને જાળવણીના કામ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૧-૧૨-૧૮ના કરારથી મહાત્મા મંદિરનું સંચાલન અને જાળવણીનું કામ હોટલ લીલા વેન્ચર લિમિટેડને આપવામાં આવેલ છે. ૨૫ વર્ષ માટે આ સંચાલન સોંપવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના મુખ્ય ઘ-માર્ગના રીસરફેસીંગનુ કામ છેલ્લા ત્રણ મહિનાથી બાકી

**ગત જાન્યુઆરી મહીનામાં વાઇબ્રન્ટને અનુલક્ષી કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ હતુ : સરકારી પ્લાન્ટની મશીનરીના અભાવે કામ અટવાયુ હતુ : સેકટરોના આંતરિક માર્ગો પણ છેલ્લા ઘણાં સમયથી ઉબડ ખાબડ રહીશોમાં આક્રોશ**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં માર્ગ સુધારણાની કામગીરી પાછળ તોતિંગ ખર્ચ થાય છે. પરંતુ છેલ્લા બે વર્ષથી કોરોના કાળમાં માર્ગ સુધારણાના કામો ગોથે ચઢયા છે. અગાઉ જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષી માર્ગ સુધારણા અને સુશોભનના કામો હાથ ધરવામાં આવનાર હતા પરંતુ વાઈબ્રન્ટ મોકુફ રહેતા આ કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ હતી જયારે નગરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ પણ છેલ્લા ત્રણ મહીનાથી બાકી છે. સરકારી પ્લાન્ટમાંથી આ કામ હાથ ધરવાનુ હોવાના લીધે અગાઉ મશીનરીના અભાવે કામ હાથ ધરવામાં આવ્યુ ન હતુ. જયારે સેકટરોના આંતરિક માર્ગો ઉપરાંત સર્કલોની જાળવણીની કામગીરી પણ અધુરી હોવાનો આક્રોશ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે.

ગાંધીનગરમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાની કામગીરી ગોથે ચઢી છે. ગત જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને નગરના માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ હતુ. જો કે વાઈબ્રન્ટ સમિટ મોકુફ રાખવાની જાહેરાતના અંતે માર્ગ સુધારણા અને સુશોભનના કામો ઠપ્પ થઈ ગય હતા જેમાં ફુટપાથના ગાબડા પુરવાની કામગીરી પણ વિસરાઈ હતી જો કે શહેરના મુખ્ય માર્ગોની સુધારણાનુ કામ પણ અટવાયુ છે. છેલ્લા ચાર મહીનાથી નગરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ હજુ સુધી આ કામગીરી હાથ ધરવામાં આવી નથી સરકારી પ્લાન્ટના આધારે ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે નિર્ણય લેવાયો હતો પરંતુ અગાઉ સરકારી પ્લાન્ટની મશીનરી ઉપલબ્ધ ન હોવાના લીધે આ કામ હાથ ધરી શકાયુ ન હતુ. જયારે હાલ પણ ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ બાકી છે. આ માર્ગની સુધારણા પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ નિયત કરાયો છે. ઘ-૦ થી ઘ-૭ સુધીના અંદાજિત ૭ કી મીના માર્ગનુ કામ હાથ ધરવા માટે વાઈબ્રન્ટ સમિટ વેળાએ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે શહેરના અન્ય માર્ગોનો પણ આ કાર્યયોજના અન્વયે સમાવેશ કરાયો હતો. જો કે હવે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાની જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ પણ છેલ્લા ચાર વર્ષથી હાથ ધરવામાં આવ્યુ નથી જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી. નગરના મુખ્ય ઘ માર્ગ સહીત વાઈબ્રન્ટ વેળાએ બાકી રહેતી કામગીરી પણ પુર્ણ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. જેમાં સર્કલોની જાળવણી માટે જવાબદાર સંસ્થાઓને નોટીસ આપવામાં આવ્યા બાદ હજુ સુધી કોઈ વિશેષ કામગીરી થઈ નથી. ઘણાંખરા સર્કલો આકર્ષણ વિહોણાં જોવા મળી રહ્યા છે.

# સચિવાલયમાં ઉપ સચિવની ૧૧૯ અને સેક્શન અધિકારીની ૧૦૨ જગ્યા ખાલી છે

**ગાંધીનગર જિલ્લામાં ટ્રાફિકના નિયમોના ભંગ બદલ રૂ. ૫,૦૯,૮૭,૫૫૦નો દંડ વસુલવાનો બાકી છે : બે વર્ષમાં ૧,૧૩,૩૬૧ ઈ. મેમો ઈસ્યુ કરાયા છે : ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં એ.સી.બી. દ્વારા ૧૨ ગુના નોંધવામાં આવ્યા છે**

● **સચિવાલયકક્ષાએ ઉપ સચિવ અને સેક્શન અધિકારીઓની જગ્યા**

કોંગ્રેસના અશ્વિનભાઈ કોટવાલે સચિવાલયકક્ષાએ ઉપ સચિવ અને સેક્શન અધિકારીઓના મહેમક અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે ઉપસચિવ વર્ગ-૧ની ૧૮૬ અને સેક્શન અધિકારી વર્ગ-૨ ની ૫૪૬ જગ્યાઓ મંજૂર થયેલી છે.

૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ઉપ સચિવ સંવર્ગની ૧૧૯ જગ્યાઓ અને સેક્શન અધિકારી વર્ગ-૨ની ૧૦૨ જગ્યાઓ ખાલી છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે સેક્શન અધિકારી વર્ગ-૨ માં સા. અને શૈ. પ. વર્ગની ૪૨, અનુ. જાતિની ૫૦, અનુ. જનજાતિની ૬૬ તેમજ ઉપ સચિવ વર્ગ-૧માં અનુ. જાતિની ૧૨ અને અનુ. જનજાતિની ૧૪ જગ્યાઓ ભરાયેલી છે.



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

ઉપસચિવ સંવર્ગ વર્ગ-૧ની તમામ જગ્યાઓ બઢતીથી ભરવામાં આવે છે. જેમાં સા. અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે અનામતની જોગવાઈ નથી.

● **એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય**

ભાજપના શંભુજી ઠાકોર અને બલરાજસિંહ ચૌહાણે જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય યોજના અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૬૨૧ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. જે પૈકી ૫૫૪ એકમોને રૂ. ૨૩૮૭.૦૮ લાખની સહાય ચુકવી આપવામાં આવેલ છે.

● **કલોલમાં સર્ણિમ જયંતિ યોજના અંતર્ગત જન ભાગીદારીના કામ**

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલ શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી વિકાસ યોજના અંતર્ગત જનભાગીદારીના કામો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧-૨૨ની સ્થિતિએ કલોલ શહેરમાં જન ભાગીદારીથી પેવર બ્લોકના ૪૩૧૫, ડામર રોડના ૧ કામ અને આરસીસી રોડના ૩ કામો મળી ૮ કામ કરવામાં આવ્યા છે અને તે કામો પાછળ રૂ. ૩૫,૪૭,૯૪૨નો ખર્ચ કરવામાં આવેલ છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે જનભાગીદારીથી કામો કરવા માટે ૮ ખાનગી સોસાયટીઓ દ્વારા ભરવાની થતી લોકફાળાની રકમ રૂ. ૮,૬૮,૫૯૫ ભરવામાં આવેલ છે.

● **ઈ.મેમો**

માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ઈ.મેમો ઈસ્યુ ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ બે વર્ષમાં ઈસ્યુ કરવામાં આવ્યા તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રી જણાવ્યુ છે કે ૧,૧૩,૩૬૧ ઈ.મેમો ઈસ્યુ કરવામાં આવેલ છે.

૨૦૨૦ના વર્ષમાં ૫૭,૧૭૭ અને ૨૦૨૧ના વર્ષમાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૫૬,૧૮૪ ઈ.મેમો ટ્રાફિક નિયમોના ભંગ બદલ ઈસ્યુ કરવામાં આવેલ છે.

૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં ૨૦૨૦ના વર્ષમાં રૂ. ૬૮,૪૨,૯૦૦નો અને ૨૦૨૧માં ૪૬,૨૭,૮૦૦ રૂ.નો દંડ વસુલવામાં આવ્યો છે. બે વર્ષમાં ૧,૧૪,૭૦,૮૦૦નો દંડ વસુલવામાં આવ્યો છે.

૨૦૨૦ના વર્ષમાં રૂ. ૨,૭૧,૦૭,૬૦૦નો અને ૨૦૨૧ના વર્ષમાં રૂ. ૨,૩૮,૭૯,૯૦૦નો દંડ વસુલવાનો બાકી છે. આમ રૂ. ૫,૦૯,૮૭,૫૦૦નો દંડ વસુલવાનો બાકી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે. બાકી રકમ અંગે નિયમિત રિવ્યુ કરવામાં આવે છે. ઓનલાઈન પોર્ટલની સુવિધા તથા ઓફલાઈન રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. આ રીતે બાકી રકમ વસુલવા માટે પગલાં લેવામાં આવે છે.

● **એ.સી.બી. તંત્ર દ્વારા નોંધાયેલ ગુના**

ઈમરાન ખેડાવાલાએ ગાંધીનગર શહેર અને જિલ્લામાં એ.સી.બી. તંત્ર દ્વારા નોંધાયેલ ગુના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧-૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૨ ગુના નોંધવામાં આવ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com